३२८५.१.

॥ श्रीहरि ॥

# ॥ सुश्रुत संहिता ॥

## ॥ सूत्रस्थानम् ॥

## ॥ प्रथमोऽध्याय ॥

नमो ब्रह्मप्रजापत्यश्विबलभिद्धन्वन्तरिसुश्रुतप्रभृतिभ्यः ।

अथातो वेदोत्पत्तिं नामाध्यायं व्याख्यास्यामः ॥ यथोवाच भगवान् धन्वन्तरिः सुश्रुताय ॥ १ ॥

अथ खलु भगवन्तममरवरमृषिगणं-परिवृतमाश्रमस्थं काशिराजं दिवोदासं धन्वन्तरिमौपधेनव-वैतरणौरभ्र-पौस्कलावत करवीर्य्य-गोपुररक्षित-सुश्रुतप्रभृतय ऊचुः ॥ २ ॥

## સુશ્રુત સંહિતાનું ગુજરાતી ભાષાંતર.

હવે પછી "વેદોત્પત્તિ" એ નામના અધ્યાયનું વ્યાખ્યાન
જે ભગવાન ધન્વંતરીયે સુશ્રુત એ નામના પોતાના

'જા દિવોદાસ જેનું ધન્વંતરી એવું લોક
જે ઈશ્વરાવતારને લીધે દેવતામાં શ્રેષ્ટ ગણાતા, જે દેવ
રાજર્ષિના, સમૂહથી વિંટાયલા હતા, અને જે વાનપ્રસ્થ
તેની પાસે ઔપધેનવ ૧, વૈતરણ ૨, ઔરભ્ર ૩, પૌસ્ક
પુરરક્ષિત ૬, અને સુશ્રુત ૭, આ સાતશિષ્યોએ

†કેટલાક માણસ ગોપુર-અને રક્ષિત
આઠ શિષ્યો થાયછે.

भगवन् ! शारीरमानसागन्तुस्वाभाविकैर्व्याधिभिर्विविधवेदनाभिघातोपद्रुतान् सनाथान् वाप्यनाथवद्विचेष्टमानान् विक्रोशतश्च मानवानभिसमीक्ष्य मनसि नः पीडा भवति, तेषां सुखैषिणां रोगोपशमार्थमात्मनः प्राणयात्रार्थञ्च प्रजाहितहेतोरायुर्व्वेदं श्रोतुमिच्छामइहोपदिश्यमानं । अत्रायत्तमैहिकमामुष्मिकञ्च श्रेयः । तद्भगवन्तमुपपन्नाः स्मःशिष्यत्वेनेति ॥ ३ ॥

तानुवाच भगवान् स्वागतं वः । सर्व्वं एवामीमांस्याअध्याप्याश्च भवन्तो वत्साः ॥ ४ ॥

इह खल्वायुर्वेदो नाम यदुपाङ्गमथर्व वेदस्यानुत्पाद्यैव प्रजाः श्लोकशतसहस्रमध्यायसहस्रञ्चकृतवान् स्वयम्भूः । ततोऽल्पायुष्ट्वमल्पमेधस्त्वञ्चावलोक्य नराणां भूयोऽष्टधा प्रणीतवान् ॥ ५ ॥

હે ભગવન્! ‡શરીરની, મનની, આગન્તુક, તથા સ્વાભાવિક, એ ચાર જાતની પીડાથી નાંના પ્રકારની વેદનામાં દુઃખ. પામતાં, તથા મિત્ર અને સંબંધિઓ છતાં, નિરાશ્રિતની પેઠે રહેલાં, અને દુઃખને લીધે ઊંચા સ્વરથી ·ન કરતાં માણસોને દેખી અમારા મનમાં પીડા ઉત્પન્ન થાયછે; માટે ની ઈચ્છાવાળા તે લોકોની પીડા મટાડવા સારૂ, તથા અમે સ્વસ્થ રહી, નિર્વાહ કરીયે તેટલા સારૂ. તેમજ પ્રજાના કલ્યાણ સારૂ, તમે ઉપદેશ યુર્વેદ સાંભળવાની અમને ઈચ્છા છે; તેમાં આ લોકનું તથ ·ા રહ્યુંછે, તેથી અમે શિષ્યભાવથી આપની પાસે અ

યે તેઓને કહ્યું—તમે ભલે આવ્યા; હે પુત્રે· યોગ્યછો. ૪.

અથર્વવેદનું ઉપાંગ છે, અને બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કર્યા શ્લોક કર્યા, અને તેના ૧ હજાર અધ્યાય છે; ત્યારપછી ષ્ય, તથા અલ્પ બુદ્ધિ જોઈને ફરીથી તેના નીચે

---

ાખ્યાન આગળ આવ્યું છે. જુઓ પત્ર.
·ય તેની જાત વગેરે જાણવી જોઈએ. પણ આ
ચાર કરયા વિના એમ લખ્યુ છે.

३२४० 3240



तद्यथा—शल्यं शालाक्यं कायचिकित्सा भूतविद्याकौमार भृत्यमगदतन्त्रं रसायनतन्त्रं वाजीकरणतन्त्रमिति ॥ ६ ॥

अथास्य प्रत्यङ्गलक्षणसमासः ॥ ७ ॥

तत्र शल्यं नाम विविधतृणकाष्ठपाषाणपांशुलोहलोष्टास्थिबालनखपूयास्रावान्तर्गर्भ शल्यो द्धरणार्थं यन्त्रशस्त्रक्षाराग्निप्रणिधानव्रणविनिश्चयार्थञ्च ॥ ८ ॥

शालाक्यं नाम ऊर्द्ध जत्रुगतानां रोगाणां श्रवण–नयन–वदन–घ्राणादिसंश्रितानां व्याधीनामुपशमनार्थं ॥ ९ ॥

कायचिकित्सा नाम सर्वाङ्गसंसृतानां व्याधीनां ज्वरातीसाररक्तपित्तशोषोन्मादापस्मारकुष्ठमेहादीनामुपशमनार्थं ॥ १० ॥

भूतविद्या नाम देवासुरगंन्धर्वयक्षरक्षःपितृपिशाचनागग्रहाद्युपसृष्टचेतसां शान्तिकर्म्म बलिहरणादिग्रहोपशमनार्थं ॥ ११ ॥

શલ્ય ૧, શાલાક્ય ૨, કાયચિકિત્સા ૩, ભૂતવિદ્યા ૪, કૌમારભૃત્ય ૫, અગદતંત્ર ૬, રસાયનતંત્ર ૭, તથા વાજીકરણ તંત્ર ૮, ૬.

તે આઠનું ટુંકામાં લક્ષણ નીચે પ્રમાણે. ૭.

શલ્ય એટલે નાના પ્રકારના ખડ, લાકડાં, પાણા, રજ, લોઢાં, હાડકાં, વાલ, નખ, પરૂ, રૂધિર, અને જલરૂપી શલ્ય કાઢવાનો પ્ર ટની અંદર ગર્ભરૂપી શલ્ય કાઢવાનો પ્રકાર, અને યંત્ર, શસ્ત્ર, ક્ષ અગ્નીથી વ્રણના નિશ્ચય કરવાનો પ્રકાર. ૮.

શાલાક્ય—એટલે ડોકના કાંઠલાની ઉપરના ભાગમાં આંખ, મુખ અને નાક ઈત્યાદિ ભાગમાં થતા રોગને શાંત

કાયચિકિત્સા—એટલે આખા શરિરમાં રહેલા ? પ્રકાર, જેવા કે, તાવ, અતિસાર, રક્તપીત્ત, સોજા, ઉ અને પ્રમેહ, ઈત્યાદિ. ૧૦.

ભૂતવિદ્યા—એટલે દેવતા, અસુર, ગાંધર્વ સર્પ, અને ગ્રહથી જેના ચિત્તને ઉપદ્રવ થયો લિદાનથી ગ્રહ શાંત કરવાનો પ્રકાર. ૧૧.

**कौमारभृत्यं नाम कुमारभरण–धात्रीक्षीरदोषसंशोधनार्थं दुष्टस्तन्यग्रहसमुत्थानाञ्च व्याधीनामुपशमनार्थं ॥ १२ ॥**

**अगदतन्त्रं नाम सर्पकीटलूतावृश्चिकमूषिकादिदष्टविषव्यञ्जनार्थं विविधविषसंयोगविषोपहतोपशमनार्थं ॥ १३ ॥**

**रसायनतन्त्रं नाम वयःस्थापनमायुर्मेधा–वलकरं रोगापहरण समर्थञ्च ॥ १४ ॥**

**वाजीकरणतन्त्रं नाम अल्पदुष्ट–विशुस्क–क्षीणरेतसामाप्यायनप्रसादोपचयजननिमित्तं प्रहर्षजननार्थञ्च एवमयमायुर्वेदोऽष्टाङ्ग उपदिश्यते ॥ १५ ॥**

**अत्र कस्य किमुच्यतामिति । त ऊचुः । अस्माकं सर्व्वेषामेव शल्यज्ञ नमूलं कृत्वोपदिशतु भगवानिति । स उवाचैवमस्त्विति । त ऊचुर्भूयोऽपि भगवन्तं । अस्माकमेकमतीनां मतमभिसमीक्ष्य**

કૌમારભૃત્ય—એટલે, બાલકને ભરણપોષણ કરવું, ધાવના દૂધમાં દોષ ...ાય તેનું શોધન કરવું, તથા ખરાબ ધાવણથી અને ગ્રહથી ઉત્પન્નથતી વ્યા-... શાંત કરવાનો પ્રકાર. ૧૨.

અગદતંત્ર—એટલે સર્પ, કીડી, ચેલ, વીંછી, અને ઉંદર ઈત્યાદિના ...લ ઝેર ઉતારવાનો, તથા સંયોગથી થયેલા ઝેરને અને બીજા પણ ...ં ઝેરને ઉતારવાનો પ્રકાર. ૧૩.

... એટલે આયુષ્ય, બુદ્ધિ, તથા બલ વધે, તથા રોગ શાંત થાય

...—એટલે અલ્પ વીર્ય હોય તેની વિર્ય વૃદ્ધિ કરે, દુષ્ટ વીર્ય ... પોષણ કરે, તથા ક્ષીણ વીર્ય થયું હોય તો નવું પેદા ... વીર્યમાં સુધારો કરી વધારો કરે તેવો પ્રકાર—આ ...ગ કહેવાયછે. ૧૫.

...પ્રકારમાંથી કયો પ્રકાર કોને કહું ? ત્યારે તેઓ ...જ્ઞાન પ્રથમ કરો, તેણે કહ્યું, એવમસ્તુ, ફરીથી

**सुश्रुतो भगवन्तं प्रक्ष्यति । अस्मै चोपदिश्यमानं वयमप्युपधारयिष्यामः । स होवाचैवमस्त्विति । वत्स सुश्रुत ! इह खल्वायुर्व्वेदप्रयोजनं व्याध्युपसृष्टानां व्याधिपरिमोक्षः स्वस्थस्य रक्षणञ्च । आयुरस्मिन् विद्यतेऽनेन वा आयुर्विन्दतीत्यायुर्वेदः । तस्याङ्गवरमाद्यमागमप्रत्यक्षानुमानोपमानैरविरुद्धमुच्यमानमुपधारय।१६।**

**एतद्ध्यङ्गं प्रथमं प्रागभिघातव्रणसंरोहाद् यज्ञशिरःसन्धानाच्च । श्रुयते हि यथा रुद्रेण यज्ञस्य शिरश्छिन्नमिति, ततो देवा अश्विनावभिगम्योचुः। भगवन्तौ नः श्रेष्ठतमौ युवां भविष्यथः।**

**भवद्भ्यां यज्ञस्य शिरःसन्धातव्यं । तावूचतुरेवमस्त्विति । अथ तयोरर्थे देवा इन्द्रं यज्ञभागेन प्रासादयन् । ताभ्यां यक्षस्य शिरः संहितमिति ॥ १७ ॥**

**अष्टास्वपि चायुर्वेदतन्त्रेष्वेतदेवाधिकमभिमतमाशुक्रियाकर-**

તેઓ બોલ્યા કે, અમાંરા બધાના એક મતથી સુશ્રુત આપને પ્રશ્ન કરશે, અને તેને આપ ઉપદેશ કરશો તે અમે ગ્રહણ કરશું. તે વાત માન્ય રાખી ધન્વંતરી બોલ્યા કે હે પુત્ર સુશ્રુત ! આ જગતમાં આયુર્વેદનું પ્રયોજન માત્ર એટલુંજછે કે વ્યાધીવાળા માણસોની વ્યાધિમુક્ત થાય, તથા સ્વસ્થ માણસની રક્ષા થાય, જેને વિષે આયુષ્ય રેહેલું છે, અથવા જેણે કરી આયુષ્ય મળેછે, તેને "આયુર્વેદ" કહેછે, આગમ, પ્રત્યક્ષ અનુમાન અને ઉપમાન આ ચાર પ્રમાણથી વિરોધ ન આવે એવી રીતે તેનું મુખ્ય અંગ કહું તે સાંભળો. ૧૬.

શરીરમાં વ્યાધી પેદા થયા મોરજ વ્રણ મટાડે છે તેથી, તથા યજ્ઞનું મસ્તક સાંધ્યું તેથી તેને મુખ્ય અંગ માન્યું છે; સાંભળવામાં આવ્યું છે કે, જ્યારે રૂદ્રે યજ્ઞનું મસ્તક કાપ્યું ત્યારે દેવતાઓ અશ્વિનીકુમાર પાસે જઈને બોલ્યા કે, અમારામાં તમે સૌથી ઉત્તમ થશો, અને તમે યજ્ઞનું મસ્તક સાંધી દ્યો. અશ્વિનીકુમારે તે કબુલ કર્યું, અને દેવતાઓએ, અશ્વિનીકુમાર સારૂ યજ્ઞનો ભાગ આપીને, ઈંદ્રને પ્રસન્ન કર્યા; અને તેણે યજ્ઞનું મસ્તક સાંધ્યું. ૧૭.

આયુર્વેદના આઠે અંગમાંથી શલ્યજ્ઞાન, સૌથી અધિક માન્યું છે, કા-

णात् यन्त्रशस्त्रक्षाराग्निप्रणिधानात् सर्वतन्त्रसामान्याच्च । तदिदं शाश्वतं पुण्यं स्वर्ग्यं यशस्यमायुष्यं वृत्तिकरञ्चेति ॥ १८ ॥

ब्रह्मा प्रोवाच ततः प्रजापतिरधिजगे तस्मादश्विनावश्विभ्यामिन्द्र इन्द्रादहं मया त्विह प्रदेयमर्थिभ्यः प्रजाहितहेतो ॥ १९ ॥

भवति चात्र ।

अहं हि धन्वन्तरिरादिदेवो जरारुजामृत्युहरोऽमराणां । शल्याङ्गमङ्गैरपरैरुपेतं प्राप्तोऽस्मि गां भूय इहोपदेष्टुम् ॥ २० ॥

अस्मिन् शास्त्रे पञ्चमहाभूतशरीरिसमवायः पुरुषइत्युच्यते । तस्मिन् क्रिया, सोऽधिष्ठानं, कस्माल्लोकस्य द्वैविध्यात् । लोको हि द्विविधः स्थावरो जङ्गमश्च । द्विविधात्मक एवाग्नेयः सौम्यश्च तद्भूयस्त्वात् । पञ्चात्मको वा । तत्र चतुर्विधो भूतग्रामः । स्वेदजाण्डजोद्भिज्जजरायुजसंज्ञः । तत्र पुरुषः प्रधानं, तस्योपकरण मन्यत् । तस्मात् पुरुषोऽधिष्ठानं । तद्दुःखसंयोगा व्याधय इत्युच्यन्ते । ते चतुर्विधा आगन्तवः शारीरा मानसाः स्वाभाविका-

રણ્ છે; યંત્ર, શસ્ત્ર ક્ષાર, અને અગ્નીના યોગથી, તે જલદી કામ કરેછે; તથા બીજાં ૭ તંત્રની બરોબર છે, માટે આ જ્ઞાન ઘણું પુન્યરૂપ, સ્વર્ગ પમાડે, યશ તથા આયુષ્ય વધારે, અને નિર્વાહ ચલાવે તેવું છે. ૧૮.

આ વિષય પ્રથમ બ્રહ્માયે કહ્યો, તેની પાસેથી પ્રજાપતિ શિખ્યા, તે પાસેથી અશ્વિનીકુમાર શિખ્યા, તેની પાસેથી ઈંદ્ર શિખ્યા, ઈંદ્ર પાસેથી હું શિખ્યો, અને હું પ્રજાના હિતને માટે તમારી પાસે કહુંછું. ૧૯.

દેવતાની જરા, રોગ, અને મ્રત્યુને નાશ કરનાર, ધન્વંતરી નામનો હું પ્રથમ દેવ, બીજા અંગ સહિત શલ્યાંગનો ઉપદેશ કરવા સારૂ પૃથ્વીમાં બીજી વાર આવ્યોછું. ૨૦.

આ શાસ્ત્રમાં, પૃથ્વી, જલ, તેજ, વાયુ, અને આકાસ, સાથે આત્માનો સંયોગ થવો તેને "પુરૂષ" કહે છે; શાસ્ત્રમાં લખેલી ક્રિયા પુરૂષમાં રહેલી છે, અને તે પુરૂષ વ્યાધિના આશ્રય રૂપ છે. લોક બે પ્રકારનો છે ૧.

**श्चेति। तेषामागन्तवोऽभिघातनिमित्ताः। शारीरा स्त्वन्नपानमूला वातपित्तकफशोणितसन्निपातवैषम्यनिमित्ताः। मानसास्तुक्रोधशोकभयहर्षविषादेर्षाभ्यसूयादैन्यमात्सर्य्यलोभकामप्रभृतय इच्छाद्वेषभेदैर्भवन्ति। स्वाभाविकाः क्षुत्पिपासाजरामृत्युनिद्राप्रभृतयः। त एते मनःशरीराधिष्ठानाः। तेषांसंशोधनसंशमनाहाराचाराः सम्यक्प्रयुक्ता निग्रहहेतवः॥ २१॥**

**प्राणिनां पुनर्मूलमाहारो बलवर्णौजसाञ्च, स षट्सुरसेष्वायत्तः, रसाः पुनर्द्रव्याश्रयाः। द्रव्याणि पुनरोषधयः। ताः द्वि-**

સ્થાવર, ૨ જંગમ, તેના પણ બે ભાગ છે ૧ આગ્નેય, ૨ સૌમ્ય. જેમાં અગ્નીનો ભાગ વિશેષ હોય, તેને આગ્નેય તથા જેમાં શીતલતાનો ભાગ વિશેષ હોય તેને સૌમ્ય, સમજવું. અથવા પંચ મહાભૂતને લીધે પાંચ પ્રકારનો સમજવો; તેમાં ભૂત સમૂહ ચાર પ્રકારનો છે. ૧ સ્વેદજ, ૨ અંડજ, ૩ ઉદ્ભિજ્જ, ૪ જરાયુજ, આ ચારમાં પુરૂષ મુખ્યછે, અને બીજું તેના ઉપકરણ રૂપ છે, માટે પુરૂષ અધિષ્ઠાનછે, અને જે દુઃખનો સંયોગ થવો તેને "વ્યાધી" કહે છે. તે વ્યાધિ ચાર પ્રકારનીછે, ૧ આગન્તવ, ૨ શારીર, ૩ માનસ ૪ અને સ્વાભાવિક.

૧ આગન્તવ, વ્યાધી એટલે, સિંહ, દિપડા વગેરેથી થયેલી, તથા શસ્ત્રથી થયેલી પીડા.

૨ શારીર, વ્યાધી એટલે, અન્ન, પાનથી થયેલી, અને વાત, પિત્ત, કફ તથા રૂધિરના વિષમપણાથી થયેલી પીડા.

૩ માનસ, વ્યાધી એટલે, ક્રોધ, શોક, ભય, હર્ષ, ખેદ, ઈર્ષા, નિંદા, દીનતા, મત્સર્ય, લોભ, કામ, વગેરે ઈચ્છા અને દ્વેષના ભેદથી થતી પીડા.

૪ સ્વાભાવિક વ્યાધી એટલે, ભૂખ, તરસ, જરા, મૃત્યુ, નિદ્રા વગેરે.

એ બધી વ્યાધીશરીરમાં તથા મનમાં રહેછે માટે તેનું શોધન, સંશમન, આહાર તથા અપચાર એ યોગ્ય થયા હોય તો રોગ મટેછે. ૨૧.

આહાર એ પ્રાણીનું તેમજ બલનું વર્ણનું અને હૃદયની શક્તીનું મૂલછે. આહાર ૭ રસમાં રહેલો છે; રસ દ્રવ્યને આશ્રયે રહ્યાછે, અને દ્રવ્ય એટલે

**विधाः स्थावरा जङ्गमाश्च। तासां स्थावराश्चतुर्विधाः। वनस्पतयो वृक्षा वीरुध ओषधय इति। तास्वपुष्पाः फलवन्तो वनस्पतयः। पुष्पफलवन्तो वृक्षाः। प्रतानवत्यः स्तम्बिन्यश्च वीरुधः। फलपाकनिष्ठा ओषधय इति। जङ्गमास्त्वपि चतुर्विधाः। जरायुजाण्डजस्वेदजोद्भिज्जाः। तत्र पशुमनुष्यव्यालादयो जरायुजाः। खगसर्पसरीसृपप्रभृतयोऽण्डजाः। कृमिकीटपिपीलिकाप्रभृतयः स्वेदजाः। इन्द्रगोपमण्डूकप्रभृतय उद्भिज्जाः। तत्र स्थावरेभ्यस्त्वक् पत्रपुष्पफलमूलकन्दनिर्य्यासस्वरसादयः प्रयोजनवन्तः, जङ्गमेभ्यश्चर्म्म नखरोमरुधिरादयः॥ २२॥**

**पार्थिवाः सुवर्णरजतमणिमुक्तामनःशिलामृत्कपालादयः। कालकृतास्तु प्रवातनिवातातपच्छायाज्योत्स्नातमः शीतोष्णवर्षा**

ઔષધી; એ ઔષધી બે પ્રકારની છે, ૧ સ્થાવર, ૨ જંગમ, તેમાં સ્થાવરના ૪ ભેદ છે. ૧ વનસ્પતિ, ૨ વૃક્ષ, ૩ વીરૂધ, ૪ ઔષધી. તેમાં—

૧ વનસ્પતિ એટલે જે ઔષધીમાં ફૂલ થાયછે પણ ફુલ નથી થતાં તે.
૨ વૃક્ષ એટલે ફૂલ અને ફુલ બન્ને થાયછે તે.
૩ વીરૂધ એટલે વિસ્તારવાળી તથા ગુલ્મવાળી ઔષધી, જેને લતા કહેછે.
૪ ઔષધિ એટલે ફળ પાક્યા પછી જેનો નાશ થાયછે, તે જેવાં કે, ઘઊં, બાજરો.

જંગમના પણ ૪ ભેદ છે. જરાયુજ ૧, અંડજ ૨, સ્વેદજ ૩, ઉદ્‌ભિજ્જ ૪, તેમાં, પશુ માણસ અને સર્પને જરાયુજમાં ગણ્યાછે; પક્ષીઓ, નાગ, તથા ઉતાવળથી ચાલનાર કૃષ્ણ સર્પ વગેરે બીજા વર્ગમાં છે; કૃમી, કીડા, કીડી, વગેરે ત્રીજા વર્ગમાં છે; અને ઇંદ્રિગોપ તથા દેડકાને ચોથા વર્ગમાં ગણેલ છે; તેમાં સ્થાવર ઔષધીમાંથી તેમની છાલ, પાંદડાં, ફુલ, ફૂલ, મૂલ, કંદ, ગુંદ, તથા તેનો રસ એ ઉપયોગી છે. તથા જંગમમાંથી તેમની ચાંમડી, નખ, રોમ, તથા રૂધીર વગેરે ઉપયોગી છે. ૨૨.

સોનું, રૂપું, મણી, મોતી, મનઃશિલા, માંટી અને કપાલને પાર્થિવ દ્રવ્ય માનેલ છે તથા વધારે પવન થોડા પવન તડકો, છાયા, ચંદ્રપ્રકાશ, અંધારૂં

**ऽहोरात्रपक्षमासर्त्वऽयनादयः सम्वत्सरविशेषाः । त एते स्वभावत एव दोषाणां सञ्चयप्रकोपप्रशमप्रतीकारहेतवः प्रयोजनवन्तश्च ॥ २३ ॥**

**भवन्ति चात्र ।**

**शारीराणां विकाराणामेष वर्गश्चतुर्विधः ।**
**चये कोपे शमे चैव हेतुरुक्तश्चिकित्सकैः ॥**
**आगन्तवश्च ये रोगास्ते द्विधा निपतन्ति हि ।**
**मनस्यन्ये शरीरेऽन्ये तेषान्तु द्विविधा क्रिया ॥**
**शरीरपतितानान्तु शरीरवदुपक्रमः ।**
**मानसानान्तु शब्दादिरिष्टो वर्गः सुखावहः ॥२४॥**

**एवमेतत्पुरुषो व्याधिरौषधं क्रियाकाल इतिचतुष्टयं समासेन व्याख्यातं । तत्र पुरुषग्रहणात्तत्सम्भवद्रव्यसमूहोभूतादिरुक्तस्त-**

ટાઢ, તડકો, વર્ષાદ, દિવસ, રાત્રી, પખવાડીઆં, મહીના, ઋતુ તથા અયનાદિ વર્ષના વિભાગ આટલી બાબત કાલકૃત છે, અને તે સ્વભાથીજ દોષને ભેળા કરવામાં, કોપ કરવામાં, શમન કરવામાં, તથા મટાડવામાં સાધનભૂત છે તેમ પ્રયોજનભૂત છે. ૨૩.

વૈદ્ય લોકોયે શરીરનો વિકાર ભેળો થવામાં, કોપમાં તથા શમનમાં ચાર પ્રકાનાં કારણ કહેલાં છે. આગન્તવ રોગ બે પ્રકારના છે. ૧ મનના, ૨ શરીરનાં, તે બેયની ક્રિયા બે પ્રકારની છે, શરીરના રોગની શરીરની પેઠે ક્રિયા થાયછે. તથા માનસિક રોગનો શબ્દ, સ્પર્ષ, ઈત્યાદિથી આરામ થાયછે. ૨૪.

આવી રીતે ૧પુરૂષ, ૨ વ્યાધિ, ૩ ઔષધી, ૪ ક્રિયા, કાલ, આ ચાર વાત ટુંકામાં કહી. તેમાં ૧, પુરૂષ એટલે તેથી ઉત્પન્ન થયેલ દ્રવ્યનો સમૂહ, પંચમહાભૂત, તેનાં અંગ તથા પ્રત્યંગનો વિકલ્પ, ત્વચા માંસ, નાડી અને સ્નાયુ વગેરે.

૨, વ્યાધિ એટલે વાત, પિત્ત, કફ, રૂધિર, અને સન્નિપાત તથા વિષય પણાથી થતી તમામ વ્યાધી. ૩,ઔષધી એટલે દ્રવ્યગુણ, રસ અને વીર્યનું પાકવું

दङ्गप्रत्यङ्गविकल्पाश्च त्वङ्मांससिरास्नायुप्रभृतयः । व्याधिग्रहणाद्वातपित्तकफशोणितसान्निपातवैषम्यनिमित्ताः सर्व एवव्याधयो व्याख्याताः । ओषधिग्रहणाद्द्रव्यगुणरसवीर्य्यविपाकप्रभावाणामादेशः क्रियाग्रहणाच्छेद्यादीनिस्नेहादीनि च कर्म्माणि व्याख्यातानि । कालग्रहणात्सर्वक्रियाकालानामादेशः ॥ २५ ॥

भवति चात्र ।

बीजं चिकित्सितस्यैतत्समासेन प्रकीर्त्तितं ।

सविंशमध्यायशतमस्य व्याख्या भविष्यति ॥

तच्च सविंशमध्यायशतं पञ्चसु स्थानेषु । तत्र सूत्रस्थाननिदान शारीर–चिकित्सित–कल्पेष्वर्थवशात् संविभज्योत्तरेतन्त्रे शेषानर्थान् व्याख्यास्यामः ॥ २६ ॥

भवति चात्र । स्वयम्भुवा प्रोक्तमिदं सनातनं पठेद्धियः काशिपतिप्रकाशितं ॥ २७ ॥

स पुण्यकर्म्मा भुवि पूजितो नृपैरसुक्षये शक्रसलोकतांव्रजेत् ॥

इति सौश्रुते सूत्रस्थाने प्रथमोऽध्यायः समाप्तः

તથા ઉત્પન્ન થવું, ૪, ક્રિયા એટલે છેદક્રિયા અને સ્નેહ વગેરે ક્રિયા અને કાલ એટલે સર્વ ક્રિયા તથા કાલનો આદેશ. ૨૫.

આ પ્રમાણે. ચિકિત્સા કરવાનું બીજ ટુંકામાં કહ્યું. આની વ્યાખ્યા ૧૨૦ અધ્યાય સુધી ચાલશે. આ ૧૨૦ અધ્યાય પાંચ સ્થાનમાં છે તેમાં સૂત્ર–સ્થાન, નિદાન, શારિર, અને ચિકિત્સિત કલ્પમાં અર્થ સંબંધથી થોડું વ્યાખ્યાન આપીને બીજા તંત્રમાં બાકીના અર્થનું વ્યાખ્યાન કરશું. ૨૬.

આ પ્રકરણ બ્રહ્માયે કહેલું છે, તથા ધન્વંતરીયે પ્રકાશ કરેલું છે, તેનો જે માણસ નિત્ય પાઠ કરે છે; તે પુન્યવાન માણસની પૃથ્વીમાં રાજા પણ પૂજા કરે છે, તથા પ્રાણમુક્ત થયા પછી ઇંદ્રિ લોકમાં તેનો નિવાસ થાયછે. ૨૭.

અધ્યાય ૧ લો સમાપ્ત.

## ॥ द्वितीयोऽध्यायः ॥

**अथातः शिष्योपनयनीयमध्यायं व्याख्यास्यामः ।**

**ब्राह्मणक्षत्रियवैश्यानामन्यतममन्वयवयः शीलशौर्य्यशौचाचारविनयशक्तिबलमेधाधृतिस्मृतिमतिप्रतिपत्तियुक्तं तनुजिव्हौष्ठदन्ताग्रमृजुवक्त्राक्षिनासं प्रसन्नचित्तवाक्चेष्टं क्लेशसहञ्च भिषक् शिष्यमुपनयेत् । अतो विपरीतगुणंनोपनयेत् ॥ १ ॥**

**उपनयनीयस्तु ब्राह्मणः प्रशस्तेषु तिथिकरणमुहूर्त्तनक्षत्रेषु प्रशस्तायां दिशि शुचौ समे देशे चतुर्हस्तं चतुरस्रंस्थण्डिलमुपलिप्य गोमयेन दर्भैः संस्तीर्य्य पुष्पैर्लाजभक्तै रत्नैश्च देवताः पूजयित्वा विप्रान् भिषजश्च, ततोल्लिख्याऽभ्युक्ष्य च दक्षिणतो ब्राह्मणं स्थापयित्वाग्निमुपसमाधाय खदिरपलाशदेवदारुविल्वानां समि-**

### અધ્યાય ૨ જો.

હવે પછી "*શિષ્યોપનયનીય" નામના અધ્યાયનું વ્યાખ્યાન કરીએ છીએ.—બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય, એ ત્રણ વર્ણમાંથી હરકોઈ કે, જે શુદ્ધ વંશનો હોય, જેની નવી અવસ્થા હોય, જેનું શીલ સારૂં હોય, જેનામાં શૂરવીરપણું અંતઃકરણની તથા શરીરની પવિત્રતા, આચાર, વિનય, ઉત્સાહ-શક્તિ, બળ, બુદ્ધિ, મનનો સંતોષ, સ્મરણ, તર્કશક્તિ, તથા અર્થ સમજવામાં પ્રૌઢપણું, ઈત્યાદિ ગુણો રહેલા હોય. જીભ, હોઠ, તથા દાંત જેના નાના હોય; મોઢું, આંખ, નાક જેનાં સીધાં હોય; ચિત્ત પ્રસન્ન, તથા જેની વાણીમાં મધુરતા હોય, તથા જેનામાં દુઃખ સહન કરવાની શક્તિ હોય, તેવા શિષ્યને વૈદ્યોયે ઉપદેશ કરવો; તથા ઉપરના ગુણથી વિપરીત ગુણનો જે શિષ્ય હોય તેને ઉપદેશ કરવો નહિં. ૧.

ઉપરના ગુણથી યુક્ત બ્રાહ્મણ જ્યારે શિષ્ય થવાનો હોય, ત્યારે તેને (જ્યોતિઃશાસ્ત્રના નિયમ પ્રમાણે) તિથી, કરણ, મુહુર્ત તથા નક્ષત્ર જે દિવસ

* શિષ્યને ઉપદેશ કરવાની વિધિ.

द्भिश्चतुर्णां वा क्षीरवृक्षाणांन्यग्रोधोडदुम्बराश्वत्थमधूकानां दधि मधुघृताक्ताभिर्दार्वीहौमिकेन विधिना श्रुवेणाज्याहुतीर्जुहुयात् सप्रणवाभिर्महाव्याहृतिभिः। ततः प्रतिदैवतमृषींश्च स्वाहाकारञ्च कुर्य्यात् शिष्यमपि कारयेत् । ब्राह्मणस्त्रयाणां वर्णानामुपनयनं कर्त्तुमर्हति, राजन्यो द्वयस्य, वैश्यो वैश्यस्यैवेति । शूद्रमपि कुल गुणसम्पन्नं मन्त्रवर्जमनुपनीतमध्यापयेदित्येके ॥ २ ॥

ततोऽग्निं त्रिःपरिणीयाग्निसाक्षिकं शिष्यं ब्रूयात्,—कामक्रोध लोभमोहमानाहङ्कारेर्षापारुष्यपैशुन्यानृतालस्यायशस्यानि हित्वा

શુદ્ધ હોય તે દિવસ, ઉત્તમ દિશામાં, પવિત્ર તથા સમાન દેશમાં, ચાર હાથનું ઓરસ ચોરસ સરખું સ્થંડિલ કરીને, છાંણથી લીપવું; તથા તે પાસે દર્ભ પાથરીને, તે સ્થલે, દેવતાની, બ્રાહ્મણની, તથા વૈદ્યની, પુષ્પ, સાળની ધાણી તથા રત્નથી પુજા કરીને, *ઉલ્લેખ તથા ૧ પ્રોક્ષણ કરી, બ્રાહ્મણ કે જે શિષ્ય થવાનો છે તેને દક્ષિણ દિશામાં બેસારી, અગ્નિસ્થાપન કરવું; અને તેમાં દહીં, મધ, તથા ઘીથી યુક્ત, ખેર, ખાખરો, દેવદારૂ તથા બીલીના સમિધથી અથવા જેમાંથી ક્ષીર નીકળે તેવાં ચાર ઝાડ, જેવાંકે, વડ, ઉબરો, પીપળો, તથા મહુડાનાં સમિધથી, દાર્વી હોમના વિધાન પ્રમાણે, પ્રણવ તથા વ્યાહૃતિ સહિત, [2]સ્રુવેથી હોમ કરવો; તેમજ પ્રત્યેક દેવતા તથા પ્રત્યેક ઋષિને પણ [3]સ્વાહાકારથી વૈદ્યે હોમ કરવો, તથા શિષ્ય પાસે હોમ કરાવવો. બ્રાહ્મણને, ત્રણે વર્ણને ઉપદેશ કરવાનો અધિકાર છે, ક્ષત્રીને બે વર્ણનો અધિકાર છે, તથા વૈશ્યને પોતાનીજ જાતનાને ઉપદેશ કરવાનો અધિકાર છે.—કેટલાકનો એમ પણ મત છે કે, કુલવાન્ તથા ગુણવાન્ શૂદ્ર હોય તેને પણ મંત્ર રહિત ઉપદેશ કરી, અધ્યયન કરાવવું. ૨.

ત્યાર પછી અગ્નીને ત્રણ પ્રદક્ષા કરી, અગ્નીની સાક્ષીથી શિષ્યને કહેવું કે કામ, ક્રોધ, લોભ, મોહ, માન (સર્વથી હું મોટો છું એમ માનવું), અહંકાર

* સ્થંડિલ ઉપર દર્ભની સળીથી લીટા કરી જરા માટી ઉખેડવી.
૧ દરભથી પાણી છાંટવું. ૨ હોમ કરવાનું લાકડાનું હથિઆર છે જેને "સરવો" કહે છે. ૩ બ્રહ્મણે: સ્વાહા, ભરદ્વાજાય: સ્વાહા. એવી રીતે.

नीचनखरोमणा शुचिना कषायवाससा सत्यव्रतब्रह्मचर्य्याभिवाद नतत्परेणाऽवश्यं भवितव्यं, मदनुमत–स्थान–गमन–शयनासन–भोजनाध्ययन–परेण भूत्वा मत्प्रियहितेषु वर्तितव्यं। अतोऽन्यथातेवर्त्तमानस्याधर्म्मो भवत्यफला च विद्या न च प्राकाश्यं प्राप्नोति। अहं वा त्वयि सम्यग्वर्त्तमाने यद्यन्यथादर्शी स्यामेनो भाग्भवेयमफलविद्यश्च ॥ ३ ॥

द्विजगुरुदरिद्रमित्रप्रव्रजितोपनतसाध्वनाथाभ्युपगतानांचात्म बान्धवानामिव स्वभेषजैः प्रतिकर्तव्यमेवं साधु भवति। व्याधशाकुनिकपतितपापकारिणां न च प्रतिकर्तव्यं एवं विद्या प्रकाशते मित्रयशोधर्म्मार्थ कामांश्चप्राप्नोति ॥ ४ ॥

ઈર્ષા (બીજાની મોટાઈ ન દેખી શકવી) વાણીની રૂક્ષતા, ચાડીઆપણું, અસત્ય, આલસ, તથા જેથી અપયશ હોય તેવા કામનો ત્યાગ કરીને, નખ તથા રૂંવાડાં નીચાં રાખીને, પવિત્રતાથી કષાય (ભગવાં) વસ્ત્ર પહેરીને, સાચા વ્રતમાં, બ્રહ્મચર્યમાં, તથા દંડવત્ કરવામાં અવશ્ય તત્પર રહેવું; રહેવાના સ્થાનમાં, જવામાં, સૂવામાં, બેસવામાં, ભોજનમાં, તથા અભ્યાસ કરવામાં મારી સંમતી પ્રમાણે કરીને, મારૂં પ્રિય કરવામાં તથા મારા હિતમાં વર્તવું; જો આથી અવળી રીતે આચરણ કરીશતો, અધર્મ લાગશે, તથા વિદ્યા નિષ્ફલ થઈ, પ્રકાશ પામશે નહી; અને તારૂં સારી રીતે આચરણ છતાં, જો હું તારાથી અવળો ચાલીશ તો હું પણ પાપ ભાગી થઈશ તથા મારી વિદ્યા અફલ જશે. ૩.

બ્રાહ્મણ, ગુરૂ, દરિદ્રી, મિત્ર, સન્યાસી, પાસે આવી નમનાર સાધુ, અનાથ, તથા દૂર દેશાવરથી આવનારને, પોતાના સ્નેહી સંબંધીની પેઠે ઔષધ કરી રોગનો ઉપાય કરવો, જેથી કલ્યાણ થાય; વ્યાધ (જાળથી જનાવરને મારનાર) શાકુનિક (પક્ષિને મારનાર) પતિત, તથા પાપ કરનાર પાસેથી જો કે દ્રવ્યનો લાભ હોય તો પણ તેનું ઔષધ ન કરવું.—આ પ્રમાણે વર્ત્તવાથી વિદ્યા પ્રકાશ પામે મિત્ર તથા યશ મળે અને ધર્મ, અર્થ, કામ સિદ્ધ થાય છે. ૪.

भवतश्चात्र । कृष्णेऽष्टमी तन्निधनेऽहनि द्वे कृष्णेतरेऽप्येवम-हर्द्विसन्ध्यं । अकालविद्युत्स्तनयित्नुघोषे स्वतन्त्रराष्ट्रक्षितिपव्यथासु । श्मशानयानादग्तनाहवेषु महोत्सवौत्पातिकदर्शनेषु । नाध्येयमन्येषु च येषु विप्रा नाधीयते नाशुचिना च नित्यं ॥ ५ ॥

इति सौश्रुते सूत्रस्थाने द्वितीयोऽध्यायः

## ॥तृतीयोऽध्याय॥

अथातोऽध्ययनसम्प्रदानीयमध्यायं व्याख्यास्यामः ।

प्रागभिहितं सर्वं शमध्या यशतं पञ्चसु स्थानेषु । तत्रसूत्र स्थानमध्यायाः षट्चत्वारिंशत् । षोडश निदानानि । दश शरीराणि । चत्वारिं शच्चिकित्सितानि । अष्टौकल्पाः । तदुत्तरं षट्षष्टिः ॥१॥

શુક્લપક્ષની તથા કૃષ્ણપક્ષની આઠમ, ચતુર્દશી, અમાવાસ્યા, પ્રતિપદ, પુનમ, હમેશા બન્ને સંધ્યા વખતે, ( પ્રાતઃકાલે તથા સાયંકાલે ) ઋતુ વિના મેઘ ગર્જના વિજળી, જે દિન સ્વતંત્ર રાજ્યને અથવા પોતાના રાજાને અથવા દેશને પીડા થાય, તે દિવસ, તેમજ જે દિવસ સ્મશાનમાં જવું પડે (કોઈના મરણથી) પરદેશ જવું પડે, વધસ્થાન તથા રણસંગ્રામમાં જવું પડે તે દિવસ, તથા તે તે સ્થલોમાં, તવા જે દિન મોટો ઉત્સવ હોય તે દિવસ તથા ભૂકંપાદિ ઉત્પાત હોય તે દિવસ અને બીજા પણ દિવસો જે દિવસ બ્રાહ્મણ અનાધ્યાય પાળતા હોય તે દિવસ ભણવું નહી. તેમજ હમેશાં અપવિત્રતાથી ન ભણવું. ૫.

અધ્યાય ૨ જો સમાપ્ત.

## અધ્યાય ૩ જો.

હવે પછી "§અધ્યયન સમ્પ્રદાનીય" એ નામના અધ્યાયનું વ્યાખ્યાન કરીયે છીયે.

*પ્રથમ કહેવામાં આવ્યું છે કે, પાંચસ્થાનમાં મલીને ૧૨૦ અધ્યાય છે,

---

§જેમાં સારી રીતે અધ્યયનનો વિભાગ બતાવ્યો છે.

* અધ્યાયોનાં જે નામ લખ્યાં છે તે સહજ જ્ઞાનના વાચકોને સમજ પડે તેવાં નથી પણ તે અધ્યાનું સ્પષ્ટીકરણ તે અધ્યાયના વિવેચનમાં આવશે.

वेदोत्पत्तिः शिष्यनयस्तथाध्ययनदानिकः ।
प्रभाषणाग्रहरणावृतुचर्य्याथ यान्त्रिकः ॥
शस्त्रावचारणं योग्या विशिखा क्षारकल्पनं ।
अग्निकर्म्म–जलौकाख्याबध्यायौ ररक्तवर्णनं ॥
दोषधातुमलाद्यानां विज्ञानाध्याय एव च ।
कर्णव्यधामपक्कैषाबालेपो व्रण्युपासनं ॥
हिताहितो व्रणप्रश्नो ब्रणास्त्रावश्च यःपृथक् ।
कृसाकृसविधिं व्याधिसमुद्देशीय एव च ॥
विनिश्चयः शस्त्रविधौ प्रनष्टज्ञानिकस्तथा ।
शल्योद्धृतिर्व्रणज्ञानं दूतस्वप्ननिदर्शनं ॥
पञ्चेन्द्रियं तथा च्छाया स्वभावाद्वैकृतं तथा ।
वारणो युक्तसेनीय आतुरक्रमामिश्रकौ ॥
भूमिभागो द्रव्यगणः संशुद्धो शमने च यः ।
द्रव्यादीनाञ्च विज्ञानं विशेषोद्रव्यगोऽपरः ॥

તેમાં પ્રથમ સૂત્રસ્થાનના ૪૬, બીજા નિદાનસ્થાનના ૧૬, ત્રીજા શારીર સ્થાનના ૧૦, ચોથા ચિકિત્સા સ્થાનના ૪૦, પાંચમા કલ્પસ્થાનના ૮, તથા ત્યાર પછી ઉત્તર તંત્રમાં ૬૬ અધ્યાય છે. ૧.

## પાંચે સ્થાનના અધ્યાયનાં નામ નીચે પ્રમાણે.

### સુત્રસ્થાનના અધ્યાયનાં નામ.

વેદોત્પત્તિ ૧, શિષ્યોપનયનીય ૨, અધ્યયનસંપ્રદાનીય ૩, પ્રભાષણીય ૪, અગ્રોપહરણીય ૫, ઋતુચર્યાધ્યાય ૬, યંત્રવિધિ ૭, શસ્ત્રાવચારણીય ૮, યોગ્યાસૂત્રીય ૯, વિશિખાનુપ્રવેશનીય ૧૦, ક્ષારકલ્પ ૧૧, અગ્નિકર્માધ્યાય ૧૨, જલૌકાવચારણીય ૧૩, રક્તવર્ણનીય ૧૪, દોષ ધાતુ મલ ક્ષયવૃદ્ધિ વિજ્ઞાનીય ૧૫, કર્ણવ્યધબંધ વિધિ ૧૬, આમપક્વૈષણીય ૧૭, વ્રણાલેપનબંધવિધિ ૧૮, વ્રણીતોપાસનીય ૧૯, હિતાહિતીય ૨૦, વ્રણ પ્રશ્ન ૨૧, વ્રણસ્ત્રાવ વિજ્ઞાનીય ૨૨,

रसज्ञानं वमनार्थमध्यायोरेचनाय च ।
द्रवद्रव्यविधि स्तद्वदन्नपानाविधिस्तथा ॥
सूचनात् सूत्रणाच्चैव सन्धानाच्चार्थसन्ततेः
षट् चत्वारिंशदध्यायं सूत्रस्थानं प्रचक्षते ॥ २ ॥
वातव्याधिकमर्शांसि साश्मरिश्च भगन्दरः ।
कुष्ठमेहोदरमूढविद्रध्यः परिषर्पणम् ॥
ग्रन्थिवृद्धिभग्नशूकक्षुद्राश्च मुखरोगिकं ।
हेतुलक्षणनिर्देशान्निदानानीतिषोडश ॥ ३ ॥

કૃત્યાકૃત્યવિધિ ૨૩, વ્યાધિસમુદ્દેશીય ૨૪, અષ્ટવિધશસ્ત્રકર્માધ્યાય ૨૫, પ્રણુષ્ટશલ્યવિજ્ઞાનીય ૨૬, શલ્યોપનયનીય ૨૭, વિપરીતાવિપરીત વ્રણવિજ્ઞાનીય ૨૮, વિપરીતાવિપરીત દૂત સ્વપ્ન નિદર્શનાધ્યાય ૨૯, પંચેંદ્રિયાર્થ વિપ્રતિપત્તિ ૩૦, છાયાવિપ્રતિપતિ ૩૧, સ્વભાવવિપ્રતિપત્તિ ૩૨, અવારણીય ૩૩, યુક્તસેનીય ૩૪, આતુરોપક્રમણાધ્યાય ૩૫, મિશ્રકાધ્યાય ૩૬, ભૂમિપ્રવિભાગીય ૩૭, દ્રવ્ય સંગ્રહણીય ૩૮, સંશોધસંશમનીય ૩૯, દ્રવ્ય ગુણ રસ વીર્ય વિપાક વિજ્ઞાનીય ૪૦, દ્રવ્ય વિશેષ વિજ્ઞાપનીય ૪૧, રસજ્ઞાનીય ૪૨, વમન દ્રવ્ય વિકલ્પ વિજ્ઞાનીય ૪૩, વિરેચન દ્રવ્ય વિકલ્પ વિજ્ઞાનીય ૪૪, દ્રવ દ્રવ્ય વિધિ ૪૫, તથા અન્નપાન વિધિ ૪૬. આ પ્રમાણે અર્થની સૂચના કરવાથી, અર્થને યોગ્યસ્થાને લગાવાથી, તથા અર્થાનુંસંધાન મેળવવાથી આ ૪૬ અધ્યાયને “સૂત્રસ્થાન” એવું નામ આપ્યું છે. ૨.

## ( નિદાનસ્થાનના ૧૬ અધ્યાયનાં નામ. )

વાત વ્યાધિ ૧, અર્શ ૨, અશ્મરી ૩, ભગંદર ૪, કુષ્ટ ૫, મેહ ૬, ઉદર વ્યાધિ ૭, મૂઢ ગર્ભ ૮, વિદ્રધિ ૯, વિસર્વનાડિ સ્તન રોગ નિદાન ૧૦, ગ્રન્થ્યપચ્યર્બુદગલગંડનિદાન ૧૧, વૃધ્યુપદંશ શ્લીપદ નિદાન ૧૨, ક્ષુદ્રરોગ નિદાન ૧૩, શૂક દોષ નિદાન ૧૪, ભગ્નનિદાન ૧૫, મુખરોગ નિદાન ૧૬. આ પ્રમાણે સોળ અધ્યાયમાં રોગનાં કારણ તથા લક્ષણનો વિચાર હોવાથી તેનું “નિદાનસ્થાન” એવું નામ આપ્યું છે. ૩.

भूतचिन्तारजःशुद्धिर्गर्भावक्रान्तिरेव च ।
व्याकरणञ्च गर्भस्य शरीरस्य च यत्स्मृतम्
प्रत्येकं कर्म्मनिर्देशः सिरावर्णनमेव च ।
सिराव्यधो धमनीनां गर्भिण्या व्याकृतिस्तथा ॥
निर्दिष्टानि दशैतानि शारीराणि महर्षिणा ।
विज्ञानार्थं शरीरस्य भिषजां योगिनामपि ॥ ४ ॥
द्विव्रणीयो व्रणः सद्यो भग्नानां वातरोगिकं ।
महावातिकमर्शांसि साश्मरिश्च भगन्दरः ॥
कुष्ठानां महताञ्चापि मैहिकं पैडिकन्तथा ।
मधुमेहचिकित्सा च तथाचोदरिणामपि ॥
मूढगर्भचिकित्सा च विद्रधीनां विसर्पिणां ।
ग्रन्थिवृद्ध्युपदंशानान्तथाच क्षुद्ररोगिकं ॥

**( શરીરસ્થાનના ૧૦ અધ્યાયનાં નામ. )**

સર્વે ભૂત ચિંતા શારીરાધ્યાય ૧, શુક્ર શોણિત શુદ્ધિ ૨, ગર્ભાવક્રાંતી ૩, ગર્ભવ્યાકરણ ૪, શરીર સંખ્યાવ્યાકરણ ૫, પ્રત્યેક મર્મનિર્દેશ ૬, શિરા વર્ણન વિભક્તિ ૭, સિરા વ્યધ વિધિ ૮, ધમની વ્યાકરણ ૯, ગર્ભિણી વ્યાકરણ ૧૦, આ પ્રમાણે વૈદ્યોને તથા યોગીને શરીરના જ્ઞાન થવાને માટે આ દશ અધ્યાયનું "શારીરસ્થાન" એવું નામ પાડ્યું. ૪.

**( ચિકિત્સાસ્થાનના ૪૦ અધ્યાયનાં નામ. )**

દ્વિવ્રણીય ચિકિત્સિતાધ્યાય ૧, સદ્યોવ્રણચિકિત્સતાધ્યાય ૨, ભગ્ન ચિકિત્સિત ૩, વાત વ્યાધિચિકિત્સિત ૪, મહા વાત વ્યાધિ ૫, અર્શ ચિકિત્સિત ૬, અશ્મરી ચિકિત્સિત ૭, ભગંદર ચિકિત્સત ૮, કુષ્ટ ચિકિત્સિત ૯, મહાકુષ્ટ.૧૦, પ્રમેહ ૧૧, પ્રમેહ પીડિકા ૧૨, મધુમેહ. ૧૩, ઉદર. ૧૪, મૂઢગર્ભ. ૧૫, વિદ્રધિ. ૧૬, વિસર્પનાડી સ્તનરોગ. ૧૭, ગ્રન્થિ અર્બુદગલગંડ. ૧૮, વૃધ્યપદંશ સ્લીપદ. ૧૯, ક્ષુદ્રરોગ. ૨૦, શૂકરોગ. ૨૨, સોથ. ૨૩, અનાગતાબાધ પ્રતિ-

शूकदोषचिकित्सा च तथाच मुखरोगिणां।
शोफस्यानागतानाञ्च निषेधो मिश्रकन्तथा ॥
वाजीकरञ्च यत्क्षीणे सर्व्वाबाधशमोपि च।
मेधायुष्करणञ्चापि स्वभावव्याधिवारणं ॥
निवृत्तसंतापकरं कीर्त्तितञ्च रसायनं।
स्नेहोपयौगिकः स्वेदो वमने सविरेचने ॥
तयोर्व्यापच्चिकित्सा च नेत्रबस्तिविभागिकः।
नेत्र बस्तिविपत्तिसिद्धिस्तथाचोत्तरबस्तिकः।
निरूहक्रमसंज्ञश्च तथैवातुरसंज्ञकः।
धूमनस्यविधिश्चाग्र्यश्चत्वारिंशादिति स्मृताः ॥
प्रायश्चितं प्रशमनं चिकित्सा शान्तिकर्म्म च।
पर्य्यायास्तस्य निर्दिष्टाश्चिकित्सास्थानमुच्यते ॥ ५ ॥
अन्नस्य रक्षा विज्ञानं स्थावरस्येतरस्य च।

ષેધ. ૨૪, મિશ્રક. ૨૫, ક્ષીણબલીય વાજીકરણ. ૨૬, સર્વોપધાન શમનીય. ૨૭, મેધા યુષ્કરણ. ૨૮, સ્વભાવવ્યાધિ વારણ. ૨૯, નિવૃત્ત સંતાપનીય. ૩૦, સ્નેહોપયોગિક. ૩૧, સ્વેદોપચારણીય. ૩૨, વમન વિરેચન સાધ્યોપદ્રવ.૩૩, વમન વિરેચન વ્યાપ ચિકિત્સિત, ૩૪, નેત્ર બસ્તિ પ્રમાણ પ્રવિભાગ. ૩૫, નેત્ર બસ્તિ વ્યાપચિકિત્સિત ૩૬, અનુવાસનોત્તરબસ્તિ ૩૭, નિરૂહોપક્રમ. ૩૮, આતુરોપદ્રવ. ૩૯ ધૂમનસ્યકબળગ્રહ. ૪૦.

આ પ્રમાણે ૪૦ અધ્યાય ચિકિત્સા સ્થાતના છે, પ્રાયશ્ચિત્ત, પ્રશમન, ચિકિત્સા તથા શાંતિ કર્મ આ બધા પર્યાય (એક અર્થના) શબ્દો છે અને તેનો વિચાર કર્યો છે માટે આ ૪૦ નું "ચિકિત્સાસ્થાન" નામ છે. ૫

## ( કલ્પસ્થાનના ૮ અધ્યાયનાં નામ. )

અન્નપાન રક્ષાવિજ્ઞાનીયકલ્પ ૧, સ્થાવર વિધિ વિજ્ઞાનીય. ૨, જંગમ વિશેષ વિજ્ઞાનીય. ૩, સર્પદષ્ટ વિષ વિજ્ઞાનીય. ૪, સર્પદષ્ટ ચિકિત્સત. ૫, મૂષિકકલ્પ ૬, દુંદુભિસ્વનીય. ૭, તથા કીટકલ્પ ૮, આ પ્રમાણે આ સ્થાનમાં

सर्पदष्टविषज्ञानं तस्यैव च चिकित्सितं ॥
दुन्दुभेर्मूषिकाणाञ्च कीटानां कल्प एव च ।
अष्टौ कल्पाः समाख्याता विषभेषजकल्पनात् ।
अध्यायानां शतं विंशमेवमेतदुदीरितं ॥ ६ ॥
अतःपरं स्वनाम्नैव तन्त्रमुत्तरमुच्यते ॥
अधिकृत्य कृतं यस्मात्तन्त्रमेतदुपद्रवान् ।
औपद्रविक इत्येष तस्याग्र्यत्वान्निरुच्यते ॥
सन्धौ वर्त्मनि शुक्ले च कृष्णे सर्व्वत्र दृष्टिषु ।
संविज्ञानार्थमध्याया गदानान्तु प्रति प्रति ॥
चिकित्साप्रविभागीयो वाताभिष्यन्दवारणः ।
पैत्तस्य श्लैष्मिकस्यापि रौधिरस्य तथैवच ॥
लेख्यभेद्यनिषेधौ च छेद्यानां वर्त्मदृष्टिषु ।

વિષૌશધી નીકલ્પના છે તેથી તેનું "કલ્પસ્થાન" એવું નામ માંડ્યું છે.—આ પ્રમાણે ૧૨૦ અધ્યાયનો વિભાગ કહ્યો. ૬.

હવે પછીનો ભાગ છેલ્લો હોવાથી તેનું ઉત્તર તંત્ર એવું નામ છે. અને તેના ૬૬ અધ્યાય નીચે પ્રમાણેઃ– આ તંત્રમાં પ્રથમ સર્વ ઉપદ્રવનું વર્ણન કર્યું છે તેથી તેના પ્રથમાધ્યાનું "ઔપદ્રવિકાધ્યાય" એવું નામ છે.

ઔપદ્રવિકાધ્યાય ૧, સંધિગત રોગ વિજ્ઞાનીય. ૨, વર્ત્મગત રોગ વિજ્ઞાનીય. ૩, શુક્લગત રોગ વિજ્ઞાનીય. ૪, કૃષ્ણગત રોગ વિજ્ઞાનીય. ૫, સર્વગત રોગ. ૬, દ્રષ્ટિગત રોગ વિજ્ઞાનીય. ૭, ચિકિત્સિત પ્રવિભાગ ૮, વાતાભિષ્યન્દ પ્રતિષેધ ૯, પિત્તાભિષ્યન્દ પ્રતિષેધ ૧૦, શ્લેશ્માભિષ્યંદ પ્રતિષેધ ૧૧, રક્તાભિષ્યન્દ પ્રતિષેધ ૧૨, લેખ્યરોગ પ્રતિષેધ ૧૩, ભેદ્ય રોગ પ્રતિષેધ ૧૪, છેદ્યરોગ પ્રતિષેધ ૧૫, વર્ત્મરોગ પ્રતિષેધ ૧૬, દ્રષ્ટિગત રોગ પ્રતિષેધ ૧૭, ક્રિયાકલ્પ ૧૮, નયનાભિઘાત પ્રતિષેધ ૧૯, કર્ણગત રોગ વિજ્ઞાનીય ૨૦, કર્ણગત પ્રતિષેધ ૨૧, નાસાગત રોગ વિજ્ઞાનીય ૨૨, નાસાગત રોગ પ્રતિષેધ ૨૩, પ્રતિશ્યાય પ્રતિશેધ ૨૪, શિરોરોગ વિજ્ઞા

क्रियाकल्पोऽभिघातश्च कर्णोत्थास्तच्चिकित्सितं ॥
घ्राणोत्थानाञ्च विज्ञानं यद्वद्प्रतिषेधनं ।
प्रतिश्यायनिषेधश्च शिरोगदविवेचनं ।
चिकित्सा तद्गदानाञ्च शालाक्यं तन्त्रमुच्यते ॥ ७ ॥
नवग्रहाकृतिज्ञानं स्कन्दस्य च निषेधनं ।
अपस्मारशकुन्योश्च रेवत्याश्च पुनःपृथक् ॥
पूतनायास्तथान्धाया मण्डिका शीतपूतना ।
नैगमेषचिकित्सा च ग्रहोत्पत्तिः सयोनिजा ।
कौमारतन्त्रमित्येतच्छारीरेषु च कीर्त्तितं ॥ ८ ॥
ज्वरातिसारशोषाणां गुल्म–हृद्रोगिणामपि ।
पाण्डूनां रक्तपित्तस्य मूर्छायाः पानजाश्च ये ॥
तृष्णायाच्छर्दिहिक्कानां निषेधः श्वासकासयोः ।

નીય ૨૫, તથા શિરો રોગ પ્રતિષેધાધ્યાય ૨૬, આ છવીશ અધ્યાયને "શાલાક્ય તંત્ર એવું નામ આપ્યું છે. ૭

### ( કુમાર તંત્ર. )

નવગ્રહાકૃતિ વિજ્ઞાનીય ૨૭, સ્કન્દગ્રહ પ્રતિષેધાધ્યાય ૨૮, સ્કન્દાપસ્માર પ્રતિષેધર ૨૯, શકુની પ્રતિષેધ ૩૦, રેવતિ પ્રતિષેધ ૩૧, પૂતના પ્રતિષેધ ૩૨, અન્ય પૂતના પ્રતિષેધ ૩૩, શીતપૂતના પ્રતિષેધ ૩૪, મુખમંડિકા પ્રતિષેધ ૩૫, નૈગમ પ્રતિષેધ ૩૬, ગ્રહોત્પત્તિ પ્રતિષેધ ૩૭, તથા યોનિ વ્યાપત્પ્રતિષેધ ૩૮, આ પ્રમાણે ૨૭થી ૩૮ સુધીના અધ્યાયને "કુમારતંત્ર" એવું નામ આપ્યુંછે. ૮.

### ( કાયચિકિત્સા તંત્ર. )

જ્વર ચિકિત્સા ૩૯, અતિસારચિકિત્સા ૪૦, શોષ ચિકિત્સા ૪૧, ગુલ્મ ચિકિત્સા ૪૨, હૃદ્રોગ પ્રતિષેધ ૪૩, પાંડુરોગ પ્રતિષેધ ૪૪, રક્તપિત્ત પ્રતિષેધ ૪૫, મૂર્છાપ્રતિષેધ ૪૬, પાનાત્યયપ્રતિષેધ ૪૭, તૃષ્ણા પ્રતિષેધ ૪૮, છર્દી પ્રતિષેમ ૪૯, હિક્કા પ્રતિષેધ ૫૦, શ્વાસ પ્રતિષેધ ૫૧, કાસ પ્રતિષેધ ૫૨, સ્વરભેદ પ્રતિષેધ ૫૩, કૃમિ પ્રતિષેધ ૫૪, ઉદાવર્ત્ત પ્રતિષેધ ૫૫, વિશૂચિકા પ્રતિષેધ

स्वरभेदचिकित्सा च कृम्युदावर्त्तिनोः पृथक् ॥
विसूचिकारोचकयोर्मूत्राघातविकृच्छ्रयोः ।
इति कायचिकित्सायाः शेषमत्र प्रकीर्त्तितं ॥ ८ ॥
अमानुषनिषेधश्च तथापस्मारिकोऽपरः ।
उन्मादप्रतिषेधश्च भूतविद्या निरुच्यते ॥ १० ॥
रसभेदाः स्वस्थवृत्ति र्युक्तयस्तान्त्रिकाश्च याः ।
दोषभेदा इति ज्ञेया अध्यायास्तन्त्रभूषणाः ॥११॥
श्रेष्ठत्वादुत्तरं ह्येतत्तन्त्रमाहुर्म्महर्षयः ।
बह्वर्थसंग्रहाच्छ्रेष्ठमुत्तरञ्चापि पश्चिमं ॥
शालाक्यतन्त्रं कौमारञ्चिकित्सा कायिकी च या ।
भूतविद्येति चत्वारि तन्त्रे तूत्तरसंज्ञिते ॥ १२ ॥
वाजीकरञ्चिकित्सासु रसायनविधिस्तथा ।
विषतन्त्रं पुनः कल्पाः शल्यज्ञानं समन्ततः ॥

૫૬, અરોચક પ્રતિષેધ ૫૭, મૂત્રાઘાત પ્રતિષેધ ૫૮, મૂત્રકૃચ્છ પ્રતિષેધ ૫૯, આ પ્રમાણે ૩૦ થી ૫૯ સુધીના અધ્યાયને "કાયચિકિત્સા" નામ આપ્યુંછે. ૯.

અમાનુષ પ્રતિષેધ ૬૦, અપસ્માર પ્રતિષેધ ૬૧, તથા ઉન્માદ પ્રતિષેધ ૬૨. આ ૩ અધ્યાયને "ભૂતવિદ્યા" એવું નામ આપ્યું છે. ૧૦.

રસભેદ વિકલ્પ ૬૩, સ્વસ્થવૃત્ત ૬૪, તંત્ર યુક્તિ ૬૫, તથા દોષભેદ વિકલ્પન ૬૬. આ છેલ્લા ૪ અધ્યાય તંત્રમાં ઘરેણાં રૂપ છે. ૧૧.

આયુર્વેદમાં આ તંત્ર સૌથી ઉત્તમ હોવાથી તથા તેમાં ઘણા અર્થનો સંગ્રહ હોવાથી તથા સૌથી છેલ્લે હોવાથી સૌથી ઉત્તમ છે. પ્રથમ આયુર્વેદનાં અષ્ટાંગ ગણાવેલાં છે, તેમાંથી શાલાક્ય તંત્ર, કુમાર તંત્ર, કાયચિકિત્સા, તથા ભૂત વિદ્યા એ ચાર ઉત્તર તંત્રમાં છે. ૧૨.

વાજીકરણ તંત્ર તથા રસાયન તંત્ર એ બે ચિકિત્સા સ્થાનમાં છે, સાતમું વિષ તંત્ર કલ્પસ્થાનમાં છે તથા શલ્યજ્ઞાન બધા સ્થળમાં લખેલું છે. આ પ્રમાણે આદિ દેવ ધન્વંતરીયે આઠ અંગ સહિત પ્રકટ કરેલું આ તંત્ર

इत्यष्टाङ्गमिदं तन्त्र मादिदेवप्रकाशितं ।
विधिनाधीत्य युञ्जाना भवन्ति प्राणदा भूवि ॥ १३ ॥

एतद्ध्यवश्यमध्येयमधीत्यच कर्माप्यवश्यमुपासितव्यमुभयज्ञो हि भिषग्राजार्हो भवति ॥ १४ ॥

भवन्ति चात्र ।
यस्तु केवलशास्त्रज्ञः कर्म्म स्वपरिनिष्ठितः ।
स मुह्यत्यातुरम्प्राप्य प्राप्य भीरुरिवाहवं ॥
यस्तु कर्म्मसु निष्णातो धार्ष्ट्याच्छास्त्रबहिष्कृतः ।
स सत्सु पूजां नाप्नोति बधं चार्हति राजतः ॥
उभावेतावनिपुणावसमर्थौ स्वकर्मणि।
अर्द्धवेदधरावेतावेकपक्षाविव द्विजौ ॥ १५ ॥
ओषध्योऽमृतकल्पास्तु शस्त्राशनिविषोपमाः।
भवन्त्यज्ञैरुपहृतास्तस्मादेतौ विवर्जयेत् ॥ १६ ॥

વિધિ પૂર્વક ભણીને જે માણુસ તેનો ઉપયોગ કરે તે જગતમાં સર્વને પ્રાણનું દાન કરનાર થઇ પડે છે. ૧૩.

આ શાસ્ત્રનું અધ્યયન અવશ્ય કરવું, તથા તેનો ઉપયોગ કરવો, આ પ્રમાણે બન્ને વાતને જાણનાર વૈદ્યની રાજા પણ પૂજા કરે છે. ૧૪.

જેવી રીતે બીકણ માણુસ રણસંગ્રામમાં જવાથી ઘભરાય છે, તેવી રીતે, વૈદ્ય–વિદ્યાનો અભ્યાસ કર્યા છતાં, જે વૈદ્યને તેને ઉપયોગ કરવાનો પરિચય નથી, તે વૈદ્યને રોગીને જોઈને ઘભરાટ થાય છે. તેમજ જે માણુસ શાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના,કેવલ બલાત્કારથી તેનો ઉપયોગ કરે છે; તેને વિદ્વાનોમાં માન નથી મળતું તેમજ તે વૈદ્ય રાજાથી વધ થવા યોગ્ય છે. માટે વૈદ્યને બન્ને બાબતનું જ્ઞાન હોવું જોયે, જે, એમાંથી એકજ બાબત જાણે છે તે કામ કરવામાં કુશલ ન હોઈને, એક પાંખ વાળાં પક્ષીં જેમ નથી સોભતાં તેમ તે શોભતા નથી. ૧૫.

ઔશધી માત્ર અમૃતના જેવી છે, પણ અજાણ્યા માણુસે તેનો ઉપયોગ

स्नेहादिष्वनभिज्ञो यः छेद्यादिषु च कर्मसु
स निहन्ति जनं लोभात् कुवैद्यो नृपदोषतः ॥ १७ ॥
यस्तूभयज्ञो मतिमान् स समर्थो ऽर्थसाधने
आहवे कर्मनिर्वोढुं द्विचक्रः स्यन्दनो यथा ॥ १८ ॥

अथ वत्स ! तदेतदध्येयं यथा तथोपधारय मया प्रोच्यमानं। अथ शुचये कृतोत्तरासङ्गायान्याकुलायोपस्थितायाध्ययनकाले शिष्याय यथाशक्ति गुरुरुपदिशेत् पदं पादं श्लोकं वा। ते च पदपाद श्लोका भूयःक्रमेणानुसन्धेयाएवमेकैकशोघटयेदात्मना चानुपठेत्। अद्रुतमविलम्बितमविशङ्कितमननुनासिकं व्यक्ताक्षरमपीडितवर्णमक्षिभ्रुवौष्ठहस्तैरनभिनीतं सुसंस्कृतं नात्युच्चैर्नातिनीचैश्च स्वरैःपठे

કરેલો હોય તો, તેજ ઔશધી શસ્ત્ર, વજ્ર તથા ઝેર જેવી (મારક) થાય છે. માટે ઉપરના બે વૈદ્યો (કેવલ શાસ્ત્ર જાણનાર તથા કેવલ કર્મ કરનાર) નો ત્યાગ કરવો. ૧૬.

જે વૈદ્ય સ્નેહાદિ (તેલ, ઘી વિગેરે બનાવવાં, તથા પાવાં, ઈ.) માં અજાણ્યો હોય છે, તેમજ છેદ્યાદિ કર્મમાં પણ અજાણ્યો હોય છે તે કુવૈદ્ય રાજાના દોષથી, પોતાના લોભથી માણસને મારે છે. મતલબ કે તેવા કુવૈદ્યોને રાજાએ વૈદું કરતાં અટકાવવા. ૧૭.

જે વૈદ્ય બન્ને બાબતમાં નિપુણ તથા બુદ્ધિવાન હોય તે વૈદ્ય માણસને આરોગ્ય કરવામાં તથા રાખવામાં સમર્થ થાય છે જેમ રણસંગ્રામમાં બે પૈડાંનો રથ બરાબર ઉપયોગમાં આવીશ કે છે તેમ, વૈદ્ય પણ બન્ને બાબતમાં કુશલ હોવો જોયે. ૧૮.

હે પુત્ર! હવે પછી હું આશાસ્ત્ર ભણવાનો પ્રકાર કહું તે સાંભળ. શિષ્ય કે જે પવિત્ર થઈ, ઉત્તરીય વસ્ત્ર ધારણ કરી, એક ચિત્ત થઇને ભણવાને સમયે આવેલ હોય તેને ગુરૂએ ૧ પદ, પાદ અથવા ૧ શ્લોક શિષ્યની શક્તિ પ્રમાણે ભણાવવું; તેમજ શિષ્યે ભણી રહ્યા પછી, પદ, પાદ અથવા શ્લોક જે પોતે ભણેલ હોય, તેનો વિચાર કરવો. આ પ્રમાણે

नचान्तरेण कश्चिद्व्रजेत्तयोरधीयानयोः ॥ १९ ॥

भवतश्चात्र ।

शुचिर्गुरुपरो दक्षस्तन्द्रानिद्राविवर्जितः ।
पठेदेतेन विधिना शिष्यः शास्त्रान्तमाप्नुयात् ॥ २० ॥
वाक्सौष्ठवेऽर्थविज्ञाने प्रागल्भ्ये कर्मनैपुणे ।
तदभ्यासे च सिद्धौ च यतेताध्ययनान्तगः ॥ २१ ॥

॥ इति सौश्रुते सूत्रस्थाने तृतीयोऽध्यायः ॥

પ્રત્યેક શિષ્યને ભણાવવું, તથા શિષ્ય ભણી રહ્યા પછી ગુરૂએ પોતે ભણવું; ભણતી વખત ઉતાવળ ન કરવી, વિલંબ ન કરવો (થોડું ભણી વિસામો ખાવો તથા વળી ભણવું તેમ ન કરવું) ત્રાસ ન રાખવો, નાસિકાથી ઉચ્ચાર ન કરવો, અક્ષરપર ભાર મેલ્યા વિના ચોખ્ખા અક્ષરો બોલવા, તેમજ આંખ, ભ્રકુટી, હોઠ, તથા હાથથી ચાળા ન કરતાં, સારી રીતે ઘણું તાણીને તેમજ ઘણા નીચા સ્વરથી ન ભણતાં, મધ્યમ સ્વરથી ભણવું, તથા ભણતી વખત ગુરૂ શિષ્યની વચ્ચેથી કોઈએ ચાલવું નહિ. ૧૯.

આ પ્રમાણે, પવિત્ર, ગુરૂ પરાયણ, ચતુર, તથા અને નિદ્રાનો ત્યાગ કરી અધ્યયન કરનાર શિષ્ય શાસ્ત્રના પારને પામે છે. ૨૦.

ભણી રહ્યા પછી, સારી વાણી બોલવામાં, અર્થ સમજવામાં, પ્રૌઢ પણામાં, કાર્યની કુશલતામાં, અભ્યાસમાં, તેમજ અર્થ સિદ્ધ કરવામાં પ્રયત્ન કરવું. ૨૧.

અધ્યાય ત્રીજો સમાપ્ત.

# चतुर्थोऽध्यायः ।

**अथातः प्रभाषणीयमध्यायं व्याख्यास्यामः ॥**

**अधिगतमप्यध्ययनमप्रभाषितमर्थतः ।**
**खरस्य चन्दन भार इव केवलं परिश्रमकरं भवति ॥**

**भवति चात्र ।**

**यथा खरश्चन्दनभारवाही भारस्य वेत्ता नतु चन्दनस्य ।**
**एवंहि शास्त्राणि बहून्यधीत्य चार्थेषु मूढाः खरवद्वहन्ति ॥ १ ॥**

**तस्मात्सविंशमध्यायशतमनुपदपादश्लोकार्द्ध श्लोकमनुवर्णयितव्यमनुश्रोतव्यञ्च ॥ कस्मात्सुक्ष्माहिद्रव्यरसगुणवीर्य्य विपाक दोषधातुमलाशयमर्म्मसिरास्नायुसन्ध्यस्थिगर्भसम्भव द्रव्यसमूह**

## અધ્યાય ૪ થો.

હવે પછી "*પ્રભાષણીય" નામના અધ્યાયનું વ્યાખ્યાન કરીયે છીયે.

શાસ્ત્ર ભણ્યા છતાં જે માણુસ તેનો અર્થ સમજતો નથી, તેને ગધેડા માથે નાંખેલી ચંદનની લાદી માફક (શાસ્ત્ર) કેવલ ભાર રૂપજ છે.

તથા ગધેડા માથે ચંદનની ભારી મેલવાથી તે પોતાનાપર ભાર છે એટલુંજ માત્ર સમજે છે, પણ ચંદનના ગુણને ગધેડો જાણતો નથી; તેવી રીતે જે માણુસ શાસ્ત્ર ભણ્યા છતાં તેના ગુણથી અજાણ છે, તે ગધેડાની માફક માત્ર શાસ્ત્રનો ભાર ઉપાડનાર છે એમ સમજવું. ૧.

તેટલા માટે ૧૨૦ અધ્યાયમાંથી હમેશાં ૧ પદ, પાદ, શ્લોક, અથવા અર્ધ શ્લોકનું વર્ણન કરવું, તેમજ સાંભળવું; કારણ કે, ૧દ્રવ્ય, ૭ રસ, ગુણ, [2]વીર્ય [3]વિપાક, [4]દોષ, [5]ધાત, મલ, આશય, (પુરૂષના શરીરમાં[7]) આશય, તથા સ્ત્રીના શરીરમાં ગર્ભાશય સહિત (આશય છે). ગર્ભસ્થાન,

---

*શાસ્ત્રનું અર્થ સહિત વ્યાખ્યાન, ૧ સ્થાવરાદિ, ૨ વીર્ય બે જાતનાં છે શીત તથા ઉષ્ણ, કોઈ ૮ માને છે. ૩ વિપાક બે જાતના છે તેની વધારે સમજુતી પાછળ આવશે. ૪ દોષ ૩ છે વાત, પિત્ત, કફ, ૫ ધાતુ ૭ છે, રસ, લોહી, માંસ, મેદ, હાડકાં, મજ્જા તથા શુક્ર.

विभागास्तथाप्रनष्टशल्योद्धरण व्रणविनिश्चयभग्न विकल्पाः साध्य याप्यप्रत्याख्येयता च विकाराणामेवमादयश्चान्येविशेषाः सहस्र शो ये विचिन्त्यमाना विमलविपुलबुद्धेरपि बुद्धिमाकुलीकुर्य्युः किं पुनरल्पबुद्धेः । तस्मादवस्यमनुपदपादश्लोकार्द्धश्लोकमनुवर्णयितव्यमनुश्रोतव्यञ्च ॥ २ ॥

अन्यशास्त्रविषयोपपन्नानाञ्चार्थानामिहोपनिपतितानामर्थवशात्तेषां तद्विद्येभ्य एव व्याख्यानमनुश्रोतव्यं । कस्मात् न ह्येकस्मिन् शास्त्रे शक्यः सर्व्वशास्त्राणामवरोधः कर्त्तुं ॥ ३ ॥

भवन्ति चात्र ।

एकं शास्त्रमधीयानो न विद्याच्छास्त्रनिश्चयं ।
तस्माद्बहुश्रुतः शास्त्रं विजानीयाच्चिकित्सकः ॥

સિરા (નાડી) સ્નાયુ, શરીરની સંધી, હાડકાં, તથા ગર્ભ સંભવ, તેમજ દ્રવ્યસમુહ તથા તેમના વિભાગ વગેરે પદાર્થનું જ્ઞાન થવું એ ઘણું સૂક્ષ્મ કામ છે; તેમજ નાશ થયેલ શલ્યનો (ચાંમડીમાં ન દેખાય તેવાં શલ્ય) બહાર કાઢવાં, વ્રણનો નિશ્ચય કરવો, હાડકું ભાંગી ગયું હોય તેનો વિચાર કરવો, તેમજ શલ્ય, વ્રણ, તથા ભાંગેલાના નોખા નોખા પ્રકારો, તથા રોગ સાધ્ય છે, અસાધ્ય છે, કે પ્રત્યાખ્યેય છે, તે વિશે વિચાર કરવો, તથા બીજી પણ તેવી ઘણી બાબતો, કે જે વિશે વિચાર કરતાં વિદ્વાનની બુદ્ધિને પણ ભ્રમ થઈ જાય, ત્યારે અલ્પ બુદ્ધિવાળા માણસને ભ્રમ થાય તેમાં શું જ આશ્ચર્ય; અને તેથી ૧ પદ, પાદ, શ્લોક અથવા અર્ધ શ્લોકનું અવશ્ય વર્ણન કરવું તથા સાંભળવું. ૨.

બીજાં શાસ્ત્રો (જેવાંકે વ્યાકરણ, સાંખ્ય, વૈશેષિક, જ્યોતિષ) માં જેજે બાબતનો નિશ્ચય કરેલો હોય, તથા પ્રસંગને લીધે, જે શાસ્ત્રનું આ ગ્રંથમાં ટુંકામાં વર્ણન આપેલું હોય, તે શાસ્ત્રનું તે તે ગ્રંથોમાંથી વ્યાખ્યાન સાંભળવું; કારણ કે એક શાસ્ત્રમાં સમગ્ર શાસ્ત્રનો સમાવેશ થઈ શક્તો નથી. ૩.

એક શાસ્ત્રને જાણનાર માણસથી, શાસ્ત્રનો નિશ્ચય થઈ શક્તો નથી,

शास्त्रं गुरुमुखोद्गीर्णमादायोपास्य चासकृत् ।
यः कर्म्म कुरुते वैद्यः स वैद्योऽन्ये तु तस्कराः ॥ ४ ॥
औपधेनवमौरभ्रं सौश्रुतं पौष्कलावतम् ।
शेषाणां शल्यतन्त्राणां मूलान्येतानिनिर्दिशेत् ॥ ५ ॥
॥ इति सौश्रुते सूत्रस्थाने चतुर्थोऽध्यायः ॥

## पञ्चमोऽध्यायः ।

अथातोऽग्रोपहरणीयमध्यायं व्याख्यास्यामः ॥

त्रिविधं कर्म्म पूर्व्वकर्म प्रधानकर्म पश्चात्कर्म्मेति तद्व्याधिप्रति प्रत्युपदेक्ष्यामः । अस्मिन् शास्त्रे शस्त्रकर्म प्राधान्याच्छस्त्रकर्मैव तावत् पूर्व्वमुपदेक्ष्यामस्तत्सम्भारांश्च ॥ तच्चशस्त्रकर्माऽष्टविधं।

તેથી જે વૈદ્ય બહુશ્રુત હોય છે, તે શાસ્ત્રનો નિશ્ચય જાણે છે. ગુરૂની પાસેથી શાસ્ત્રનો ઉપદેશ ગ્રહણ કરી તથા તેનો વારંવાર અભ્યાસ કરી, જે વૈદ્ય કર્મ કરે છે, તેને ખરા વૈદ્ય જાણવા, અને બાકીનાઓને ચોર જેવી રીતે નાણું લુંટનાર છે, તેવી રીતે વૈદ્યના મિશથી રોગી પાસેથી નાણું લુટનાર જાણવા. ૪

ઔપધેનવ, ઔરભ્ર, પૌષ્કલાવત, તથા સુશ્રુત, એ ચારનાં બનાવેલાં પુસ્તકો શલ્ય તંત્રમાં મૂલભૂત છે. ૫.

અધ્યાય ૪ થો સમાપ્ત.

## અધ્યાય ૫ મો.

હવે પછી "૧અગ્રોપહરણીય" નામના અધ્યાયનું વ્યાખ્યાન કરીયે છીયે.

કર્મ ૩ પ્રકારનાં છે. ૧ પૂર્વ કર્મ, ૨ પ્રધાનકર્મ, ૩ તથા પશ્ચાત્કર્મ, આ પ્રમાણે ત્રણે કર્મનું વિશેષ વ્યાખ્યાન વ્યાધિપ્રકરણમાં લખવામાં આવશે જેથી આંહી લખ્યું નથી. આ શાસ્ત્રમાં શસ્ત્રકર્મ મુખ્ય હોવાથી, પ્રથમ શસ્ત્રકર્મનું તથા તેની સામગ્રીનું વર્ણન કરવામાં આવશે. શસ્ત્રકર્મ ૮ પ્રકારનું છે. ૧ ૨છેદ્ય;

---

૧ પ્રથમથી સાધન તૈયાર કરવાં, ૨ મૂલમાંથી કાપવું, જેમકે અર્શ.

**तद्यथा। छेद्यं भेद्यं लेख्यं वेध्यमेष्यमाहार्य्यं विस्राव्यं सीव्यमिति ॥ १ ॥**

**अतोऽन्यतमं कर्म्म चिकीर्षता वैद्येन पुर्व्वमेवोपकल्पयितव्यानि, तद्यथा यन्त्रशस्त्रक्षाराग्निशलाकाशृङ्गजलौकालाबूजाम्बवोष्ठ पिचुप्रोतसूत्रपट्ट–मधुघृतवसापयस्तैलतर्पणकषायालेपनकल्कव्यजन–शीतोष्णोदककटाहादीनि परिकर्म्मिणश्च स्निग्धाः स्थिरा बलवन्तः ॥ २ ॥**

**ततः प्रशस्तेषु तिथिकरणमुहूर्तनक्षत्रेषु दध्यक्षतान्नपानरत्नैरग्निं विप्रान् भिषजश्चार्च्चयित्वा कृतबलिमङ्गलस्वस्तिवाचनं लघुभुक्तवन्तं प्राङ्मुखमातुरमुपवेश्य यन्त्रयित्वा प्रत्यङ्मुखोवैद्यो मर्मसिरा**

૨ [1]ભેદ્ય; ૩ [2]લેખ્ય; ૪ [3]વેધ્ય; ૫ [4]એષ્ય; ૬ [5]આહાર્ય; ૭ [6]વિસ્રાવ્ય, તથા ૮ [7]સીવ્ય. ૧.

ઉપરનાં આઠ કર્મમાંથી કોઈ પણ કર્મ કરવાની જ્યારે વૈદ્યને ઈચ્છા થાય ત્યારે તેણે નિચે લખેલાં સાધનો પોતાની પાસે રાખવાં, યંત્ર, શસ્ત્ર, ખાર, દેવતા, શળી, શીંગડું, જળો, (લોહી ચુસનાર કીડી), તુંબડું, જાંબુના જેવો પાણો, રૂ, જુના લુગડાંનો કટકો, પાટો, મધ, ડંડી, ચરબી, દુધ, તેલ, તર્પણ (જેથી તૃપ્તિ થાય તેવો જળવાળો પદાર્થ) ક્વાથ, લેપ કરવાનો પદાર્થ, કલ્ક, વીજણો, ટાઢાં તથા ઉના પાણીનાં પાત્ર, તથા કામ કરવામાં સ્નેહવાળા, સ્થિર તથા બળવાન નોકરો. ૨.

ઉપર પ્રમાણે વસ્તુ પાસે રાખી, (જ્યોતિઃશાસ્ત્રના નિયમ પ્રમાણે) તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર વગેરે ઉત્તમ હોય તે દિવસે, દહિં, ચોખા, અન્નપાન, અને રત્નથી, અગ્નિ, બ્રાહ્મણ તથા વૈદ્યની પૂજા કરીને, બલિદાન, મંગલ કર્મ તથા સ્વસ્તિવાચન જેણે કરેલ છે, તેવા તથા થોડો આહાર ક-

૧ શસ્ત્રથી ફોડવું જેમકે ગાંઠ, ૨ ખોતરવું જેવો કે "રોહિણી" રોગ શસ્ત્રથી ખોતરવાથી મટે, ૩ નાના હથિયારથી વીંધવું જેવી કે નાડીમાં રોગ વીંધવો તે, ૪ તેમાં વધારે ક્ષત ન થાય, ૫ શસ્ત્ર પ્રવેશ, ૬ પથરી કાઢવી વગેરે, ઝરી જાય તેમ કરવું, ૭ શીવવા જેવો.

स्नायुसन्ध्यस्थिधमनीः परिहरन्ननुलोमं शस्त्रं निदध्यादापूयदर्शनात् सकृदेवापहरेच्छस्त्रमाशुच। महत्स्वपिच शाकेषु द्व्यङ्गुलं त्र्यङ्गुलंवा शस्त्रपदमुक्तं ॥ ३ ॥

तत्रायतो विशालः समः सुविभक्त इति व्रणगुणाः ॥ ४ ॥

भवतश्चात्र

आयतश्च विशालश्च सुविभक्तो निराश्रयः ।
प्राप्तकालकृतश्चापि व्रणः कर्मणि शस्यते ॥ ५ ॥
शौर्य्यमाशु क्रिया शस्त्रतैक्ष्ण्यमस्वेदवेपथू ।
असम्मोहश्च वैद्यस्य शस्त्रकर्मणि शस्यते ॥ ६ ॥

एकन वा व्रणे नाशुध्यमाने नान्तरा बुद्ध्यावेक्ष्यापरान् व्रणान् कुर्य्यात् ॥ ७ ॥

રનાર રોગીને બાંધીને પૂર્વ દિશામાં બેસારી, વૈદ્યે ઉત્તર દિસામાં બેસવું, તથા મર્મસ્થાન, સિરા (નાડી) સ્નાયું શરીરના સંધીના ભાગ, હાડકાં તથા ધમની નામની નાડી શિવાય બાકીના શરીરના ભાગમાં, પરૂ દેખાય ત્યાં સુધી, જે તરફ રૂંવાડાં વસેલાં હોય તે તરફ એકવાર શસ્ત્ર નાખી પાછું તરત કાઢી લેવું; મોટા કામમાં પણ બે અંગુલ અથવા ત્રણ અંગુલથી વધારે શસ્ત્રથી વ્રણન કરવું. ૩.

લાંબુ, વિસ્તારવાળું, સમાન તથા અવયવની સ્પષ્ટતા એ ચાર વ્રણ ઉત્તમ ગણેલ છે. ૪.

જે વ્રણ લાંબુ, વિસ્તારવાળું, સ્પષ્ટ અવયવવાળું, મર્મસ્થાનમાં ન રહેલું તથા યોગ્ય કાલે થયેલું હોય, તે વ્રણ કાર્ય કરવામાં ઉત્તમ ગણાય છે. ૫.

જે વૈદ્ય શૂરવીર હોય, તરત ક્રિયા કરી શકે, ત્વરાથી સંભાળીને શસ્ત્ર ચલાવે તેમજ જેને પરશેવો નથી થતો તથા રૂધિર જોવાથી જેને કંપ થઈ, મૂર્છા આવતી નથી તેવો વૈદ્ય શસ્ત્રક્રિયામાં વખાણવા લાયક છે. ૬.

એક વ્રણ કરવાથી જો દોષની શુદ્ધિ ન થાય તો બુદ્ધિથી વિચાર કરી બીજાં વ્રણ કરવાં. ૭.

**भवति चात्र**

**यतो यतो गतिं विद्यादुत्सङ्गो यत्र यत्र च ।**
**तत्र तत्र व्रणं कुर्य्याद् यथा दोषो न तिष्ठति ॥ ८ ॥**

**तत्र भ्रूगण्डशङ्खललाटाक्षिपुटौष्ठदन्तवेष्ट–कक्ष–कुक्षि–वंक्षणेषु तिर्य्यक्छेद उक्तः ॥ ९ ॥**

**चन्द्रमण्डलवच्छेदान् पाणिपादेषु कारयेत् ।**
**अर्द्धचन्द्राकृतींश्चापि गुदे मेढ्रे च बुद्धिमान् ॥ १० ॥**

**अन्यथा तु सिरास्नायुच्छेदनादातिमात्रं वेदना चिराद्व्रणसंरोहोमांसकन्दीप्रादुर्भावश्चेति । मूढगर्भोदरार्शोऽश्मरीभगन्दर मुखरोगेष्वभुक्तवतः कर्म्म कुर्वीत ॥ ११ ॥**

**ततः शस्त्रमवचार्य्य शीताभिरद्भिरातुरमाश्वास्य समन्तात्परिपीडयाङ्गुल्यां व्रणगभिमृज्य प्रक्षाल्य कषायेण प्रोतेनोदकमादाय**

જે જે સ્થલે ગતિ જાણવામાં આવે તથા જે જે સ્થલે દોષ ભેળો થયો હોય તે સ્થલે, એવી રીતે વ્રણ કરવું કે જેથી દોષનો નાશ થાય. ૮.

ભમર, ગાલ, મસ્તક, કપાળ, આંખનો માર્ગ, જે ભાગમાં દાંત રહેલા છે તે ભાગ, કાખ, પેટ તથા સાથળની સંધીમાં છેદ કરવાનો હોય તો આડો છેદ કરવો. ૯.

હાથ તથા પગમાં ચન્દ્ર મંડલની પેઠે (ગોળ) છેદ કરવો. તેમજ ગુદાના ભાગમાં તથા લિંગમાં અર્ધચંદ્રાકૃતિ છેદ કરવો. ૧૦.

ઉપર લખ્યું તેથી અવળી રીતે થવાથી, નાડિ અથવા સ્નાયુના ભાગમાં છેદ થવાથી, વેદના ઘણી થાય છે, વ્રણ રૂઝાતાં વાર લાગે, તથા માંસના ગાંઠા વળી જાય છે. જે રોગીને મૂઢ ગર્ભ હોય, ઉદર વ્યાધિ, અર્શ, પથરી, ભગંદર, તથા મુખરોગ હોય તેને ભોજન કર્યા પહેલાં શસ્ત્ર ક્રિયા કરવી. ૧૧.

શસ્ત્રક્રિયા થઈ રહ્યા પછી, શીતલ પાણીથી રોગીને જાગૃત કરી, વ્રણ દબાવીને દોષ કાઢી નાખ્યા પછી, આંગળીથી વ્રણ સ્વચ્છ કરી, ઔષ-

तिलकल्कमधुसर्पिः प्रगाढामौषधयुक्तां वर्त्तिं प्रणिदध्यात्। ततः कल्केनाच्छाद्य नातिस्निग्धां नातिरूक्षां घनाङ्कवलिकां दत्वा वस्त्रपट्टेन वध्नीयाद् वेदनारक्षोघ्नैर्धूपैर्धूपयेद्रक्षोघ्नैश्च मन्त्रैरक्षां कुर्वीत। ततो गुग्गुल्वगुरुसर्जरसवचा-गौरसर्षपचूर्णैर्लवणनिम्बपत्रव्यामिश्रैराज्ययुक्तैर्धूपैर्धूपयेत्। आज्यशेषेण चास्य प्राणानुसमालभेत् ॥ १२ ॥

उदकुम्भाच्चापो गृहीत्वा प्रोक्षयन् रक्षाकर्म कुर्य्यात्, तद्वक्ष्यामः ;–कृत्यानां प्रतिघातार्थं तथा रक्षोभयस्य च।

रक्षाकर्म करिष्यामि ब्रह्मा तदनुमन्यताम् ॥
नागाः पिशाचा गन्धर्वा पितरो यक्षराक्षसाः।
अभिद्रवन्ति ये ये त्वां ब्रह्माद्या घ्नन्तु तान् सदा ॥
पृथिव्यामन्तरीक्षे च ये चरन्ति निशाचराः।
दिक्षु वास्तुनिवासाश्च पान्तु त्वां ते नमस्कृता ॥

ઘીના ક્વાથ લુગડામાં જલ લઈને ધોઈ નાંખવું, ત્યાર પછી, તેલ, કલ્ક, મધ, ઘી તથા ઔષધિવાળી વાટ અંદર રાખી કલ્કથી વ્રણ ઢાંકવું, તથા તે ઉપર, જેમાં ઝાઝું ઘી તથા તેલ ન હોય તેવી તથા રૂક્ષતા વિનાની ધાટી પોટીસ મેલી, લુગડેથી પાટો બાંધવો. ત્યાર પછી વેદના તથા રાક્ષસને મટાડે તેવા ધૂપથી ધૂપ કરવો, તેમજ રક્ષોઘ્ન મંત્રથી રક્ષા કરવી; ગુગળ, અગુરૂ, સર્જર (શળ) વજ, ધોળા, સર્ષવ, ચૂર્ણ, લવણ તથા લીંમડાનાં પાંદડા અને ઘીથી યુક્ત ધૂપથી ધૂપ કરવો. અને બાકીનું ઘી રહે તેથી રોગીનાં -હદય વગેરે સ્થાનકને સ્વસ્થ કરવાં. ૧૨.

ત્યાર પછી પાણીના ઘડામાંથી, જલ લઈને પ્રોક્ષણ કરવું તથા રક્ષા કરવી તેનો પ્રકાર નીચે પ્રમાણેઃ—

કૃત્યાનો (અભિચાર કરવાથી ઉત્પન્ન થયેલી રાક્ષસી અગ્નિની પેઠે બાળે છે તે) તથા રાક્ષસનો ભય મટાડવા સારૂ રક્ષા કરૂં તેને બ્રહ્મા અનુમોદન કરો. નાગગણુ, પિશાચ, ગન્ધર્વ, પિતૃગણુ, યક્ષો, રાક્ષસો, વગેરે જે

पान्तु त्वां मुनयो ब्राह्मया दिव्या राजर्षयस्तथा ।
पार्व्वताश्चैव नद्यश्च सर्वाः सर्वेऽपि सागराः ॥
अग्नीरक्षतु ते जिह्वां प्राणान् वायुस्तथै वच ।
सोमो व्यानमपानन्ते पर्जन्यः परिरक्षतु ॥
उदानं विद्युतः पान्तु समानं स्तनयित्नवः ।
बलमिन्द्रो बलपाति मनुर्मन्ये मतिन्तथा ॥
कामांस्ते पान्तु गन्धर्वाः सत्वमिन्द्रोऽभिरक्षतु ।
प्रज्ञाम्ते वरुणो राजा समुद्रो नाभिमण्डलं ॥
चक्षुः सूर्य्यो दिशः श्रोत्रे चन्द्रमाः पातु ते मनः ।
नक्षत्राणि सदा रूपं छायां पान्तु निशास्तव ॥
रेतस्त्वाप्याययन्त्वापो रोमाण्योषधयस्तथा ।
आकाशं खानि ते पात देहं तव वसुन्धरा ॥
वैश्वानरः शिरः पातु विष्णुस्तव पराक्रमं ।
पौरुषं पुरुषश्रेष्ठो ब्रह्मात्मानं ध्रुवो भ्रुवौ ॥

જે ગણો તુને દુઃખ દેતા હોય, તેઓને બ્રહ્માદિ દેવતા નાશ કરો. પૃથ્વીમાં, અંતરિક્ષમાં, તથા દિશામાં ફરનાર રાક્ષસો તેમજ ઘરમાં નિવાસ કરનાર રાક્ષસો, નમસ્કાર કરવાથી તારૂં પાળન કરે. બ્રહ્મ વિદ્યામાં કુશલ મુનિઓ, દિવ્ય રાજર્ષિ પર્વતમાંથી નિકળેલી નદીઓ, તથા સર્વ સમુદ્રો તારી રક્ષા કરે. અગ્નિદેવતા તારી જીભની રક્ષા કરો—વાયુદેવતા પ્રાણની રક્ષા કરો. સોમ (ચંદ્રમા) વ્યાન (એક જાતનો શરીરનો વાયુ) ની રક્ષા કરો. મેઘના રાજા ઈંદ્ર અપાન વાયુની રક્ષા કરો. વીજળી ઉદાન વાયુની રક્ષા કરે. સમાન વાયુની, મેઘ રક્ષા કરો. બળના પતિ ઈંદ્ર બળની રક્ષા કરો. મનુગણ બુદ્ધિની રક્ષા કરો. ગન્ધર્વગણ તારા કામનું પાલણ કરો, ઈંદ્ર દેવતા સત્વગુણની રક્ષા કરો, વરૂણ દેવતા બુદ્ધિની રક્ષા કરો. સમુદ્ર નાભીની રક્ષા કરો. સૂર્ય ચક્ષુની રક્ષા કરો, દિશા, કાનની૰ ચંદ્રમા, મનની૰ નક્ષત્ર, રૂપની૰ રાત્રિ, છાયાની૰, જળ શુક્રની૰, ઔષધી રૂવાંડાની૰, આકાશ છિદ્રની, પૃથ્વી દેહની૰, વૈશ્વાનર મસ્તકની૰, વિષ્ણુ પરાક્રમની૰, પુંરૂષોત્તમ, પુરૂ-

## સૂચના.

સઘળી જાતના કામકાજ ના પત્રો—મનીઑર્ડરો—નોટો અને આ ચોપાનીયાને લગતી સર્વે બાબતમાટે નીચેને સરનામે પત્ર વ્યવહાર રાખવો.

**આયુર્વેદસુધાકરના અધિપતિ ખેડા, અને અમદાવાદ.**

ખેડા અને અમદાવાદ એ બંન્ને ઠેકાણામાંથી ગમે તે ઠેકાણે પત્ર વ્યવહાર રાખવો કારણ કે બંને સ્થળે આ માસિકની ઓફીસછે.

# સર્વોત્તમ પુસ્તક છપાયછે.

# શ્રી શંકર દિગ્વિજય.

મૂલ્ય રૂ૩-૬-૦

કૃષ્ણલાલ ગોવિંદરામ દેવાશ્રયી—ખેડા

જે ગૃહસ્થોએ પ્રથમ વર્ષનું લવાજમ મોકલ્યું ન હોય તેઓએ આ અંક પોહોંચે કે તુરત મનીઆર્ડરથી રૂ૩–૬–૦ યુનાઈટેડ પ્રેસના મેનેજર ''દેબને સરનામે મોકલી આપવા કૃપા કરવી કારણ કે પ્રથમ સર્વ હિસાબ તેવણને સોંપી દિધો છે. તેમ છતાં કોઈ ગ્રાહક ..ારી તરફ મોકલી શકશે તો અમે તેમને આપીશું. નાંણાં મોકલનારે કયે ગામથી શા ઉપયોગ માટે મોકલ્યાં છે તેની સવિસ્તર હકીકત **શુદ્ધ** અને **સાફ** અક્ષરે લખવા કૃપા કરવી. **અભિપ્રાય** માટે મળેલાં પુસ્તકો ઉપર વિવેચન યુક્ત અભિપ્રાય બીજા અંકમાં આપીશું.

**સંસ્કૃત રીતિ પ્રમાણે રચેલું સર્ગ બદ્ધ.**

## શ્રી મયૂરદૂત કાવ્ય.

**છપાય છે.**

કીંમત ૦–૯–૦

**વૈદ સુધાકરની ઓફીસમાં નામ નોંધાવવું.**